RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com
# ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 7 * Issue No. 289* Date: 15.08.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-







### વડાપ્રધાન મોદી લાલ કિલ્લાની પ્રાચીરથી રાષ્ટ્રને સંબોધિત કરશે

# આજે દેશભરમાં ૭૫મા સ્વતંત્રતા દિવસની ઊજવણી કરાશે

*ન્યુ દિલ્હી,તા.૧૪*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે એટલે કે ૧૫ ઓગસ્ટે ૭૫મો સ્વતંત્રતા દિવસના પ્રસંગે પ્રતિષ્ઠિત લાલ કિલ્લાની પ્રાચીરથી રાષ્ટ્રને સંબોધિત કરશે. પીએમ નરેન્દ્ર મોદીનુ સ્વતંત્રતા દિવસ પર આ વખતે સતત ૮મુ સંબોધન હશે. લાલ કિલ્લાની પ્રાચીરથી રાષ્ટ્રીય ધ્વજ તિરંગો લહેરાવ્યા બાદ પીએમ મોદી સવારે લગભગ ૭.૩૦ વાગે પોતાનુ રાષ્ટ્રના નામે સંબોધન કરશે.

૧૫ ઓગસ્ટે પીએમ મોદીએ ખાસ મહેમાન તરીકે સમગ્ર ભારતીય ઓલિમ્પિક ટુકડીને લાલ કિલ્લા પર આમંત્રિત કર્યા છે. પીએમ મોદી પણ દરેકને વ્યક્તિગત રીતે મળશે અને વાત કરશે. આ સિવાય પીએમ મોદી તમામ ખેલાડીઓને તેમના નિવાસસ્થાને અલગથી મળશે. વડાપ્રધાન મોદી ૧૬ ઓગસ્ટના રોજ તેમના નિવાસસ્થાને ખેલાડીઓ અને તેમના કોચને મળશે. આ દરમિયાન પીએમ ખેલાડીઓ અને મેડલ વિજેતાઓ સાથે પણ વાત કરશે.

આ તરફ રાજધાની દિલ્હી તેમજ દેશનાં ઘણાં શહેરોમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. શુક્રવારે દિલ્હીના લાલ કિલ્લા પર સ્વતંત્રતા દિવસની પરેડ માટે ફુલ ડ્રેસ રિહર્સલનું આયોજન કરવામાં આવ્યું હતું. આગ્રામાં ૭૫ પેરાટૂપર્સના પેરાબ્રિગેડ કર્મચારીઓએ શુક્રવારે ફ્રી ફોલ પ્રદર્શન કર્યું હતું.

પાકિસ્તાનના ૭૫મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે અટારી-વાઘા બોર્ડર પર ભારત અને પાકિસ્તાનના સૈનિકોએ એકબીજાને મીઠાઈઓ આપી હતી.

દર વર્ષની જેમ લાલ કિલ્લા અને એની આસપાસના વિસ્તારો, સરહદી વિસ્તારો અને દિલ્હીમાં સુરક્ષા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. દિલ્હી પોલીસના જનસંપર્ક અધિકારી ચિન્મોય બિસ્વાલે જણાવ્યું હતું કે કોઈપણ ખતરાનો સામનો કરવા માટે ડ્રોન, બલૂન અથવા અન્ય કોઈપણ વસ્તુ ઉડાવવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.




આતંકી હુમલાના ઈનપુટ્સ વચ્ચે ખાલિસ્તાની સમર્થકોને લઈને મળેલા ગુપ્ત એલર્ટથી દિલ્હી પોલીસ સક્રિય થઈ છે. પોલીસે પોતાના ગુપ્ત વિભાગની સ્પેશિયલ યૂનિટને પણ એલર્ટ કરી દીધી છે. જાણકારી પ્રમાણે ઐતિહાસિક તથા ધાર્મિક સ્થળો પર સાદા કપડામાં પોલીસ કર્મીઓને તૈનાત કરવામાં આવી રહ્યાં છે. આ સિવાય ૧૫ ઓગસ્ટ પર ફુગ્ગા અને ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. દિલ્હીમાં કલમ ૧૪૪ પણ લાગૂ કરી દેવામાં આવી છે.

આ વર્ષે કૃષિ કાયદાની વિરુદ્ધ બોર્ડર પર બેઠેલા કિસાન પોલીસ માટે મોટો પડકાર છે. આ પહેલા ૨૬ જાન્યુઆરીએ કિસાન આંદોલન દરમિયાન હિંસા થઈ હતી. તેના કારણે દરેક સંભવ પ્રયાસ કરવામાં આવી રહી છે કે આ વખતે કોઈ પ્રકારની બેદરકારી જોવા મળે નહી. મહત્વનું છે કે ૧૫ ઓગસ્ટના સમયે દિલ્હી હંમેશા એલર્ટ પર રહે છે.

### ૪૭૮ના મોત, ૩૫,૭૪૩ લોકો સ્વસ્થ થયા

# દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયા કોરોનાના ૩૮,૬૬૭ નવા કેસ

*ન્યુ દિલ્હી,તા.૧૪*

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં સામે આવેલા ફ્રેશ કોરોના કેસના આંકડા જાહેર કર્યા છે. જે પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરના વાયરસના કુલ ૩૮,૬૬૭ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ચાર લાખની નીચે આવી છે. શુક્રવારે દેશમાં કોરોના વાયરસના કુલ ૪૦,૧૨૦ નવા પોઝિટિવ કેસો નોંધાયા હતા. જેની સામે લગભગ ૨૦૦૦ જેટલા ઓછા કેસ નોંધાયા છે.

નવા કેસની સાથે જ ભારતમાં કોરોનાથી સંક્રમિત કુલ સંખ્યા ૩,૨૧,૫૬,૪૯૩ થઈ છે. જ્યારે હાલ દેશમાં ૩,૮૭,૬૭૩ એક્ટિવ કેસ છે જે કુલ કોરોના કેસના ૧.૨૧ ટકા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૩૫,૭૪૩ લોકો સાજા થયા છે. આ સાથે દેશમાં હાલ રિકવરી રેટ ૯૭.૪૫ ટકા થયો છે. દેશમાં અત્યારસુધી કોરોનાથી કુલ ૩,૧૩,૩૮,૦૮૮ લોકો સ્વસ્થ થયા છે.

જ્યારે કોરોનાથી દેશમાં કુલ મૃત્યુઆંકની વાત કરવામાં આવે તો છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૭૮ લોકોનાં મોત થયા છે. આ સાથે જ દેશમાં કોરોનાથી કુલ મૃતકોની સંખ્યા ૪,૩૦,૭૩૨ થઈ છે. વેક્સીનની વાત કરવામાં આવે તો દેશમાં અત્યારસુધી કુલ ૫૩,૬૧,૮૯,૯૦૩ લોકોને વેક્સીન આપવામાં આવી ચૂકી છે. ૧૩ ઓગસ્ટના રોજ દેશમાં ૬૩,૮૦,૯૩૭ લોકોને વેક્સીને આપવામાં આવી હતી.

મહત્વનું છે કે ૩૮.૬૭ હજાર નવા કેસ અને ૪૭૮ લોકોનાં મોત, તેમજ ૩૫.૭૪ હજાર લોકો છેલ્લા ૨૪ કલાકમાં સ્વસ્થ થયા બાદ એક્ટિવ કેસમાં ૨.૪૫ હજારનો ઘટાડો નોંધાયો છે. મહત્વનું છે કે સતત બીજા દિવસે ૪૦ હજારથી નીચે નવા કેસ નોંધાયા છે. આ ફ્રેશ કેસમાં સૌથી વધુ કેરળમાં ૨૦.૪૫ હજાર, મહારાષ્ટ્રમાં ૬.૬૯ હજાર અને તમિલનાડુમાં ૧,૯૩૩ નવા કેસ નોંધાયા છે. જ્યારે મૃત્યુ મામલે કોરોનાથી ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૧૫૮ લોકોનાં મોત થયા છે. તો કેરળમાં ૧૧૪ અને ઓડિશામાં ૬૦ લોકોનાં મોત થયા છે. જોકે ચિંતાનું કારણ એ છે કે ૧૧ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં એક્ટિવ કેસમાં વધારો નોંધાયો.

જોકે આ દરમિયાન કેન્દ્ર સરકારે કહ્યું કે દેશમાં કોરોના ટેસ્ટિંગ કેપેસિટીને સતત વધારવામાં આવી રહી છે. આઈસીએમઆરના આંકાડ મુજબ ૧૩ ઓગસ્ટના દિવસે દેશમાં કુલ ૨૨,૨૯,૭૯૮ સેમ્પલનું દેશમાં ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જે સાથે દેશમાં અત્યાર સુધીમાં કુલ ૪૯,૧૭,૦૦,૫૭૭ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

આ સાથે સરકારે રજૂ કરેલી માહિતી મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકનો દૈનિક પોઝિટિવિટી રેટ ૧.૭૩ ટકા રહ્યો છે. જે સતત ૧૯માં દિવસે ૩ ટકાથી નીચે રહ્યો છે. જ્યારે સાપ્તાહિક પોઝિટિવિટી રેટ પણ ૨.૦૫ ટકા રહ્યો છે.

### વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરીને માહિતી આપી

# ૧૪મી ઓગસ્ટને ‘વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ તરીકે ઓળખવામાં આવશે

*ન્યુ દિલ્હી,તા.૧૪*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૪ ઓગસ્ટના દિવસને ‘વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ‘ તરીકે મનાવવાનો નિર્ણય લીધો છે. આ વાત પીએમ મોદીએ ટ્વીટ કરીને કહી છે. પીએમ મોદીએ તેનું કારણ પણ જણાવ્યું છે. તેમનું કહેવું છે કે આ દિવસે નફરત અને હિંસાને કારણે આપણા લાખો બહેનો અને ભાઈઓએ વિસ્થાપિત થવુ પડ્યુ હતું. તેના બલિદાનની યાદમાં ૧૪ ઓગસ્ટને વિભાજીત વિભીષિકા સ્મૃતિ દિવસ મનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રી મોદીએ ટ્વીટમાં લખ્યુ- ‘દેશના વિભાજનના દર્દને ક્યારેય ભૂલાવી શકાય નહીં. નફરત અને હિંસાને કારણે આપણા લાખો બહેનો અને ભાઈઓએ વિસ્થાપિત થવુ પડ્યુ અને પોતાનો જીવ પણ ગુમાવવો પડ્યો. તે લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં ૧૪ ઓગસ્ટને ‘વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ‘ તરીકે મનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. #PartitionHorrorsRemembranceDay આ દિવસ આપણે ભેદભાવ, વૈમનસ્ય અને દુર્ભાવનાના ઝેરને ખતમ કરવા માટે ન માત્ર પ્રેરિત કરશે, પરંતુ તેનાથી એકતા, સામાજિક સદ્ભાવ અને માનવીય સંવેદનાઓ મજબૂત થશે.‘

તમને યાદ અપાવી દઈએ કે દેશના ઈતિહાસમાં ૧૪ ઓગસ્ટની તારીખ આંસુઓથી લખવામાં આવી છે. આ તે દિવસ હતો જ્યારે દેશનું વિભાજન થયું અને એક પૃથક રાષ્ટ્ર જાહેર કરી દેવામાં આવ્યું હતું. આ વિભાજનથી ન માત્ર ભારતીય ઉપ-મહાદ્વીપના બે ટૂકડા થયા પરંતુ બંગાળનું પણ વિભાજન થયું અને બંગાળનો પૂર્વ ભાગ ભારતથી અલગ થઈ પૂર્વી પાકિસ્તાન બની ગયો, જે ૧૯૭૧ના યુદ્ધ બાદ બાંગ્લાદેશ બન્યો હતો.

કહેવા માટે તો આ દેશનું વિભાજન હતું, પરંતુ હકીકતમાં આ દિલોનું, પરિવારોનું, સંબંધોનું અને ભાવનાઓનું વિભાજન હતું. ભારતના માતાની છાતી પર વિભાજનનો આ ઘાવ સદીઓ સુધી રહેશે અને આવનારી પેઢી આ તારીખના સૌથી દર્દનાક અને રક્તરંજિત દિવસની ટીસ અનુભવતી રહેશે.

# આસામ વિધાનસભામાં મવેશી સંરક્ષણ બિલ પાસઃ મુખ્યમંત્રી

*ગૌહાટી,તા.૧૪*

આસામ વિધાનસભામાં મવેશી સંરક્ષણ બિલ પાસ કરવામાં આવ્યું હતું. હવેથી હિંદુ ધાર્મિક સ્થળો (મઠ-મંદિર વગેરે)ના ૫ કિમીના ક્ષેત્રમાં બીફનું વેચાણ નહી થઈ શકે. બિલમાં તે સિવાય પણ અનેક જોગવાઈઓ કરવામાં આવેલી છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ રાજ્ય વિધાનસભામાં વિચારણા માટે ‘મવેશી સંરક્ષણ બિલ‘ રજૂ કર્યું અને જણાવ્યું કે, રાજ્ય અમુક બાબતો પર જોર આપી રહ્યું છે, જેમ કે રાજ્યની સરહદોની પાર ગૌમાંસના ટ્રાન્સપોર્ટેશન વગેરે પર રોક.

આસામમાં નવો કાયદો પાસ થયા બાદ મવેશીઓને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં મારવા માટે નહી લઈ જઈ શકાય. તેના પરિવહન પર સંપૂર્ણપણે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જોકે, જો કોઈ વ્યક્તિ કૃષિ ગતિવિધિઓ માટે લઈ જવા ઈચ્છે છે તો તેણે મંજૂરી લેવી પડશે.

આસામના મુખ્યમંત્રી સરમાએ બિલ રજૂ કરતા કહ્યું કે, ‘અમે કેટલીક વસ્તુઓ પ્રતિબંધિત કરવા ઈચ્છીએ છીએ જેમ કે, સરહદ પાર ગૌમાંસનું પરિવહન, મંદિર કે કોઈ હિંદુ ધાર્મિક સ્થળના લગભગ ૫ કિમીના ક્ષેત્રમાં ગૌમાંસનું વેચાણ વગેરે. મવેશીઓનું સંરક્ષણ ધાર્મિક નહી, વૈજ્ઞાનિક તર્ક છે.‘ સરમાએ એમ પણ કહ્યું કે, ૧૯૫૦ના મવેશી સંરક્ષણ કાયદામાં મવેશીઓના ટ્રાન્સપોર્ટેશન અને તેમનો ભોજનમાં ઉપયોગ વગેરેને રેગ્યુલેટ કરવા કાયદાકીય જોગવાઈઓનો અભાવ હતો.

તેમણે આસામ વિધાનસભામાં જણાવ્યું કે, રાજ્યમાં અનેક કિલોમીટરના વિસ્તારો છે જ્યાં કોઈ મંદિર નથી અને ૭૦-૮૦,૦૦૦ની વસ્તીઓમાં કોઈ હિંદુ નથી. એવું ન હોય કે, સાંપ્રદાયિક સૌહાર્દ જાળવી રાખવા માટે ફક્ત હિંદુ જ જવાબદાર હોય, મુસલમાનોએ પણ જવાબદારી લેવી પડશે. નવા કાયદા અંતર્ગત કોઈ પણ વ્યક્તિ ત્યાં સુધી મવેશીને નહી મારી શકે જ્યાં સુધી તે સંબંધિત ક્ષેત્રના રજિસ્ટર્ડ પશુ ચિકિત્સા અધિકારી દ્વારા જારી કરવામાં આવતું મંજૂરી પ્રમાણ પત્ર ન મેળવી લે.

**બિલ પાસ થવું ઐતિહાસિકઃ મુખ્યમંત્રી**

મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ બિલ પાસ થયું તે ઘટનાને ઐતિહાસિક ગણાવી હતી. તેમણે ટ્વીટમાં લખ્યું હતું કે, ‘ઐતિહાસિક આસામ મવેશી સંરક્ષણ અધિનિયમ, ૨૦૨૧ પાસ થવા સાથે જ અમારા ચૂંટણી વચનને પૂરૂ કરવાનો ખૂબ જ આનંદ અને ગર્વ છે. મને વિશ્વાસ છે કે, તે પશુઓના ગેરકાયદેસર વેપાર અને ટ્રાન્સપોર્ટેશનને ભારે આંચકો આપશે. તે આપણી પરંપરામાં સદીઓથી પ્રચલિત મવેશીઓની ઉચિત દેખભાળને પણ સુનિશ્ચિત કરશે.

**ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ**
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
**BM MAGIC WATERPROOFING**
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૨૫
રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૧૬૬
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૮
ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૯૦૩

**૧૫ ઓગસ્ટે સ્વતંત્રતા દિવસ નિમિત્તે ગુજરાતી ન્યુઝ પેપર ‘ન્યુઝ ઓફ ગાંધીનગર’ કાર્યાલય રજા પાળશે જેને કારણે ૧૬ ઓગસ્ટનો અંક પ્રસિધ્ધ થશે નહી જેની સર્વે વાચક મિત્રોએ નોંધ લેવી.**

## તંત્રી સ્થાનેથી...

### રાજ્યમાં કોલેસ્ટોરેલ, બી.પી, ડાયાબિટીસ સહિતના રોગો તથા સ્થૂળકાયાવાળા લોકો વધુ કેમ.....?

*દેશમાં એક સમયે લોકોની ખાણીપીણી સહિતની પરંપરાઓનું ચુસ્તપણે પાલન થતુ હતુ. લોકો મહેનતભર્યા કામ જાતે કરતા હતા. લગભગ લોકોની સમજ હતી કે શરીરને કસરત મળવી જોઈએ. રૂતુકાળ મુજબના શાક-ભાજી, ફળો ખાવામાં ઉપયોગ કરવાનો તેમજ શિયાળામાં સુકામેવા, વસાણાઓનો વગેરેનો ભરપૂર ઉપયોગ કરવાનો, ખાદ્યતેલોમાં સીંગતેલ અને તલના તેલનો ઉપયોગ કરાય તો ચોખ્ખું ઘી ખવાય, ઉપરાંત પીવાનુ પાણી તો માત્ર માટલાનુજ પીવાય આવી અનેક સમજદારી આમ પ્રજામાં હતી. પરંતુ તેમા પણ જે તે પ્રદેશ કે રાજ્યમાં થતા કૃષિ ઉત્પાદનોનુ મોટું મહત્વ ખાદ્યખોરાકોમા અપાતું હતું જેમાં નારિયેલ તેલ, સરસીયુ, એરંડીયુ વગેરે...એ સમયમા સમુદ્રી મીઠાનો ઉપયોગ ઓછો અને પાકિસ્તાનથી આવતા લાલ મીઠાનો ઉપયોગ વધુ થતો હતો. દેશના દરેક તહેવારોમાં પરંપરા અનુસાર મહત્વ રહેતું હતું.... જેમાં મીઠાઇ, ફરસાણ, મેવા વગેરેનો ઉપયોગ થતો પરંતુ તેને પચાવવા વિવિધ રીતે ઉજવણી કરવામાં આવતી જેમાં ગરબા, રમતો, દૂર ચાલીને હરવા- ફરવા જવાનું થતું હતું જેથી લોકોની પાચનશક્તિ મજબૂત રહેતી હતી.ધીરે ધીરે સમયમાં બદલાવ આવતો ગયો... અંગ્રેજોના શાસનમાં ચા, કોફીએ સ્થાન લીધું ત્યારબાદ તે એક પછી એક નવી ખાણીપીણી માર્કેટોમાં આવતી ગઈ કે જે તેની સાથે નાના મોટા રોગ લાવી અને તેનો અણસાર પણ લોકોને આવવા ન દીધો....! પછીથી તો દાતણ ગયા તો ટુથપેસ્ટ આવી, માલીશના સ્થાને સાબુ આવ્યા, વિવિધ ખોરાકો, નાસ્તાઓ વગેરેનું ચલણ વધતું ગયું પરિણામે લોકોને જેમાંથી વિટામિન મળતા તે ખાદ્ય વસ્તુઓથી દૂર થતા ગયા. તે સાથે વેપાર, ધંધા, નાણાનુ મહત્વ વધતા લોકો દરેક કાર્યમાં ઝડપ ઈચ્છતા થવા લાગ્યા...પરિણામે ઇન્સ્ટન્ટ ખોરાક તરફ મોટા ભાગના લોકો ઉપયોગ કરતા થઈ ગયા.જેને કારણે માનવ શરીરના મજબૂત કોષો નબળા બનતા ગયા અને જે તે રોગનો સામનો કરવા શરીરને પ્રોટીન કે શક્તિદાયક દવા લેવાની નોબત આવી ગઇ. દેશભરમાં સૌથી વધુ ડાયાબિટીસ, બ્લડપ્રેશર, કોલેસ્ટોરલ, બ્રેઈન સ્ટ્રોક, હાડકાંનો ઘસારો, સ્થૂળકાયાના રોગ ગુજરાતીઓને વધુ પ્રમાણમાં થાય છે તેમ તબીબોનું કહેવું છે. અને આવા રોગો થવાનું કારણ ખાદ્યખોરાક, રહેણી કરણી સહિતના કારણો બતાવે છે. ત્યારે હજુ પણ સમય છે શરીરને મજબૂત બનાવવાનો.... પરંતુ વેપાર-ધંધા માટે દોડતા રહેતા ગુજરાતીઓ આ માટે તૈયાર થશે કે સમય ફાળવી શકશે કે કેમ......?*

## રક્ષાબંધન સ્પેશિયલ

મિત્રો

હવે ટીવી..મીડિયા.માં રક્ષાબંધન ને કારણે સ્વીટ ની જાહેરાતો..ચોકલેટ ની જાહેરાતો આવવા લાગશે

૪૫૦ રૂ.ની ચોકલેટ ના મસ્ત મજાના રેપર માં વિટાઈ ને સ્ટોલ લાગી જશે.

લોકો હોંશે હોંશે ખરીદવા પણ પડાપડી જ કરશે

પરંતુ

રક્ષાબંધન ના પવિત્ર દિવસે બહેને ભાઈ ને મિઠાઈ જ ખવડાવવી જરૂરી છે ?

આપણે હરવખતે જોઈએ છીએ કે મિઠાઈ બનાવનારા ઓ ની ખાદ્ય ખોરાક ડીપાર્ટમેન્ટ તરફથી સેમ્પલ લેવામાં આવે છે અને જયારે એ બધી ખવાઈ ગઈ હોય ત્યારે તો એના રીપોર્ટસ આવતા હોય છે .

મોટી દુકાનવાળા એકસાથે આટલું બધું વેચાણ મિઠાઈ નું કરે છે તો એને બનાવતા કેટલા દિવસ લાગ્યા હશે ? બીજું કે ઘણી દુકાનો વાળા બીજા પાસે બનાવડાવી ને પોતે માત્ર માર્કેટ માં પોતે વેચતા હોય છે તો એમાં શુદ્ધતા કેટલી ?

સૌથી અગત્ય ની વાત એ છે કે મિઠાઈ માં વપરાતા કલર ફાયદાકારક કે નુકશાનકારક છે ?

શક્ય હોય ત્યાં સુધી મિઠાઈ જે કલર વાળી હોય એ લેવાનો આગ્રહ ટાળશો કારણકે જયારે કોઈ માવા માં ફંગસ જેવું લાગી જતું હોય ત્યારે જો તેમાં સ્પેશિયલી કોકો પાવડર નાખવામાં આવે ( કડવો જ હોય ) એટલે એ બગડી ગયેલા માવા ની દુર્ગંધ નાબુદ કરી નાખે અને એ કડવાટ દુર કરવા માટે ખાંડ અને આરા નો લોટ વધુ વપરાઈ શકે ...એટલે ચોકલેટ અને ડાર્ક કલર ની મિઠાઈ તો લેવી જ નહિ .

એના ઓપ્શન માં હમણાં થી નવું ઉપડ્યું છે કે ભાઈ બહેના ના અતુટ પ્રેમ નું બંધન ચોકલેટ નું બોક્ષ ....આ નવું તૂત સોફેસ્ટીકેટેડ અને વેલ એજ્યુકેટેડ ફીલિંગ્સ કરાવનારી એડ થી આપણે ખરીદતા થઇ ગયા છીએ . જેમાં થોડા વર્ષો પહેલા સિલ્કી ઈયળો પણ નીકળી હતી .

આવું બધું ભાઈ ને ખવડાવીએ અને ભાઈ આપણી રક્ષા કરવા જેવો રહે ? ઉલટો હોસ્પિટલ ભેગો થાય અથવા આંતરડાના રોગ લાગી જાય સાથે નાના બાળકો પણ ખાઈ ને બિમાર પડે એ અલગ

આપણે જનરલી ૫૦૦ ગ્રામ કે કિલો મિઠાઈ લેતા હોઈએ છીએ જેમાં ઘરના દરેક સભ્યો ના ભાગ માં ૨-૪ નંગ આવે ત્યાં પૂરું ..કોઈના ઘરે એક કે બે દિવસ પડી રહેવાની નથી એટલે હલકી ક્વોલીટી હશે તો પણ ઓમ સ્વહાય નમઃ થઈ ગયું હોય

.તો સૌ બહેનો પોતાના ભાઈ માટે પોતે જ જાતે મિઠાઈ જેમકે મોહનથાળ , મગજ ની લાડુ , મગફળી ની ચીકી , તલ ના લાડુ , ચુરમા ના લાડુ ,તલ સાંકળી , સુખડી , ખજુર પાક , ડ્રાયફ્રુટ ચીકી , લીલા નાળિયેર ના લાડુ, સૂકા કોપરા ના લાડુ..જેવી વાનગી ઓ બનાવી ને ભાઈ અને ભાભી તેમજ ભત્રીજા ભત્રીજી ની તબિયત સારી રાખી શકે છે.

અને એવું પણ જરૂરી નથી તમે ગોળ ની ગાંગડી થી કે સાકર થી પણ મો મીઠું કરાવી શકો છો

નોંધ :- મારા કોઈ કંદોઈ કે મિઠાઈ વાળા દુશ્મન નથી કે ડોક્ટર દુશ્મન નથી ...બસ હેલ્થ જાળવો એ જ ઉદેશ્ય ...અને આપણી આવનારી પેઢી ( કોન્વેન્ટિયા બાળકો ) ને આપણી હેલ્થી મિઠાઈ ખવડાવો

:- ડો. સુરેશ સાવજ ..

## મોડાસા : નાંદીસણના માથાભારે શખ્સ સામે ઉગામાયું 'પાસા'નું શસ્ત્ર સુરતની જેલમાં ધકેલાયો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા તાલુકાના નાંદીસણ ગામના માથાભારે અને સમગ્ર વીસ્તારમાં અસામાજીક પ્રવૃતિઓમાં રચ્યો પચ્યો રહેતા શખ્સ સામે એટ્રોસીટી એક્ટ અને જીપી એક્ટ સહીત રૂરલ પોલીસ સ્ટેશનમાં બે ગુન્હામાં નોંધાયા હતા સમગ્ર વિસ્તારમાં દાદાગીરી અને માથાભારે કરનાર ધર્મરાજસિંહ ચૌહાણ નામના શખ્સ સામે રૂરલ પોલીસે પાસાનું શસ્ત્ર ઉગામ્યું હતું અને પાસા માટે કરેલી દરખાસ્તને મંજૂરી મળતા તેને સુરતની લાજપોર જેલમાં ધકેલી દેવાયો છે.ધર્મરાજસિંહ ચૌહાણને પાસા થતા સમગ્ર પંથકના લોકોએ હાશકારો અનુભવ્યો હતો

મોડાસા તાલુકાના નાંદીસણ ગામના ધર્મરાજસિંહ જયેન્દ્રસિંહ ચૌહાણ સામે રૂરલ પોલીસ સ્ટેશનમાં અલગ અલગ ગુન્હા નોંધાયા હતા તેમજ ધર્મરાજસિંહ ચૌહાણની અસામાજીક પ્રવૃતિઓને ધ્યાને લઈ તેની સામે પાસાનું શસ્ત્ર ઉગામવા માટે જિલ્લા પોલીસવડા સંજય ખરાતે સૂચના આપતા મોડાસા વિભાગનાં ડીવાયએસપી ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ મોડાસા રૂરલ પીઆઈ એમ.ડી.તોમરે દરખાસ્ત તૈયાર કરી હતી અને મંજૂરી માટે જિલ્લા મેજીસ્ટ્રેટને મોકલી આપવામાં આવી હતી.ઉપરોક્ત દરખાસ્ત પર જિલ્લા મેજીસ્ટ્રેટે મંજૂરીની મ્હોર મારતા મોડાસા રૂરલ પોલીસે ધર્મરાજસિંહ ચૌહાણને ડીટેઇન કરી સુરત લાજપોર જેલ ખાતે ધકેલી દેવા તજવીજ હાથધરી હતી

અરવલ્લી જીલ્લામાં અસામાજીક પ્રવૃતિઓ અને ગેરકાયદેસર ધંધા સાથે સંકળાયેલા નામચીન અને માથાભારે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરી પાસા કરતા અસામાજિક તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે.

## ૪ માસમાં ઉકેલાશે ટ્રાફિકની સમસ્યા, એસપી રિંગ રોડ પર ડિસેમ્બર સુધીમાં તૈયાર થશે અંડરબ્રિજ

અમદાવાદ,તા.૧૪

સરદાર પટેલ રિંગ રોડ પર નિર્માણ પામી રહેલા અંડરબ્રિજનું કામ આ વર્ષે ડિસેમ્બર મહિના સુધીમાં પૂરું થઈ જશે, જેથી ટ્રાફિકની સમસ્યા પણ ઓછી થશે. આ બ્રિજ વૈષ્ણોદેવી સર્કલ પાસે બની રહ્યો છે. આ ચાર રસ્તા પર થોડા દિવસ પહેલા જ ૬ લેનના ફ્લાઈઓવરનું કેંદ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકાર્પણ કર્યું હતું.

૩૧ કરોડ રૂપિયાના ખર્ચે આકાર લેનારા આ પ્રોજેક્ટનું સંચાલન નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રોડ એન્ડ બિલ્ડિંગ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે. સાથે જ તેઓ સરખેજ-ગાંધીનગર હાઈવેના ૬ લેન પ્રોજેક્ટને પણ સંભાળી રહ્યા છે.

એનએચએઆઇના અધિકારીઓનું કહેવું છે કે, ઔડા (અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીએ એનએચએઆઇને ફંડ આપી દીધું છે અને એસ.પી. રિંગ રોડની પેરેલલ જ અંડરપાસ બનાવાનું કામ સોંપ્યું છે. અંડરપાસ બનાવાનું કામ શરૂ થઈ ગયું છે અને ડિસેમ્બર ૨૦૨૧ સુધી કામ પૂરું થઈ જશે, તેમ અધિકારીઓએ ઉમેર્યું.

આ જંક્શન પર ખૂબ ટ્રાફિક જોવા મળે છે ત્યારે નિર્માણ પામી રહેલા અંડરબ્રિજ અને થોડા સમય પહેલા ખુલ્લા મૂકાયેલા ફ્લાયઓવરના કારણે ટ્રાફિકની સમસ્યા હળવી થશે. ફ્લાયઓવરની જેમ અંડરબ્રિજ પણ ૬ લેન હશે, તેમ અધિકારીઓએ કહ્યું.એસજી રોડ અને એસપી રિંગ રોડ પરથી પસાર થતો લગભગ ૮૫ ટકા ટ્રાફિક આ જંક્શન પરથી આવે છે જે સીધું બંને રોડ સાથે જોડાયેલું છે. એસજી હાઈવેથી આવતો માત્ર ૧૫ ટકા ટ્રાફિક રિંગ રોડ તરફ વળે છે અને રિંગ રોડથી એસજી હાઈવે પર વળતાં વાહનોની સંખ્યા પણ પ્રમાણમાં ઓછી છે.છેલ્લા ૧૦ વર્ષોમાં એસજી રોડ અમદાવાદ શહેરનો સૌથી વ્યસ્ત રોડ બની ગયો છે અને અહીં ઘણીવાર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે.જતાં વાહનોની સંખ્યા વધી છે.

## મેઘરજના નવાગામ ખાતે રાજ્યના યોગ બોર્ડના અધ્યક્ષશ્રીની અધ્યક્ષતામાં "૭૨મો વન મહોત્સવ"ની ઉજવણી કરાઈ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં વલસાડ ઉમરગામના કલગામ ખાતે "૭૨મો વન મહોત્સવ" ઉજવણી કરાઈ. જેમના વરદ હસ્તે "મારુતિનંદન વન" પ્રજાની સુખાકારી માટે ખુલ્લું મુકાયું હતું.

જે અંતર્ગત ૧૪મી ઓગસ્ટના દિવસે અરવલ્લીના મેઘરજના નવાગામ (ઇસરી)ના કંટાળુ હનુમાનજીના મંદિર ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ,ગાંધીનગરના અધ્યક્ષશ્રી શીશપાલસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં તથા અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં "૭૨'મો વન મહોત્સવ"ની ઉજવણી કરાઈ હતી.

જેમાં મેઘરજના ૨ લાભાર્થીઓને નિર્ધુમ ચુલા જીલ્લાના અન્ય તાલુકા માલપુર,બાયડ,મોડાસાના ૪ વ્યક્તિઓને પ્રશસ્તિપત્ર એનાયત કરાયા. ત્યાર બાદ મેઘરજના નવાગામ (ઇસરી)ના કંટાળુ હનુમાનજીના મંદિર ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ,ગાંધીનગરના અધ્યક્ષશ્રી શીશપાલસિંહ રાજપૂતના વરદ હસ્તે "પ્રાણવાન"વનનું લોકાર્પણ કરીને વૃક્ષારોપણ કર્યું હતું.

આ "૭૨મો વન મહોત્સવ" ઉજવણીના નિમિત્તે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષશ્રી શીશપાલસિંહ રાજપૂતે જણાવ્યું કે, આ પ્રસંગે ચાલુ વર્ષે એક જ દિવસમાં મહાનગરપાલિકાઓમાં, જીલ્લાઓમાં તથા ૨૫૧ તાલુકાઓમાં વન મહોત્સવનો કાર્યક્રમ યોજાયો છે. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના મહત્વનો ઉદ્દેશ છે કે રાજ્યને ગ્રીન ગુજરાત,ક્લીન ગુજરાત બનાવવા માટે રાજ્યમાં ૨૧ જગ્યાએ જુદા-જુદા વનોનું લોકાર્પણ કરીને ત્યાં અલગ અલગ વૃક્ષો રોપવામાં આવે છે તથા તેની સારી રીતે માવજત કરવામાં આવે છે. વૃક્ષ છે તો જીવન



છે માટે વૃક્ષોનું જતન કરવું જોઈએ. વનોત્તરી આપણને શ્વાસ અર્પે છે, પ્રકૃતિને આરોગ્યમય બનાવે છે. કોરોનાની મહામારીમાં વૃક્ષોનું મહત્વ સમજાયું કે જો વૃક્ષોનું જતન કરવું કેટલું જરૂરી છે. વૃક્ષ આપણને મફતમાં ઓક્સિજન આપે છે. સરકાર દેશની દરેક રીતે ચિંતા કરે છે. દેશની સંપત્તિમાં વૃક્ષોનો વધારો થાય. કનૈયાલાલ મુનશીએ વન મહોત્સવની શરૂઆત કરીને દેશની પ્રકૃતિને હરિયાળી બનાવવાની અમુલ્ય કામગીરી કરી હતી. જેથી દરેક લોકોને પ્રેરણા આપવી જોઈએ કે આપણા કોઈપણ પ્રસંગે કોઈને કઈ ઉપહાર આપવાની ઈચ્છા વ્યક્ત કરતા હોય તો એક વૃક્ષ આપવું અને તેનું જતન કરવા ભલામણ કરવી. વાવેતરમા આજીવિકા પ્રમાણે વધારો થયો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સામાજીકરણ વનવિભાગ દ્વારા રાજ્યના ૩૩ જીલ્લાઓમાં રોપાનું વાવેતર કરવામાં આવી રહ્યું છે.રાજ્ય એ વનક્ષેત્રે કેટલીક સિદ્ધિઓ હાંસલ કરી છે. સામાજીક વનીકરણ ક્ષેત્રે ખૂબ જ મોટું કામ કરી રહ્યું છે. ઉદ્યોગો, કોલેજો, જી.આઈ.ડી.સી., તથા રાજયના દરેક ક્ષેત્રમાં વૃક્ષો આપીને ગ્રીન ગુજરાત કરવાનું સરકારનું એક મહત્વનું લક્ષ્ય છે. ૨૦મી સદીમાં એશિયાઈ સિંહોની જાતન લુપ્ત થતી જોવા મળી હતી પરંતુ સરકારના વનીકરણ હેઠળ વૃક્ષોના રોપાનું વાવેતર કરવાના અથાગ પ્રયાસોથી વર્તમાન સમયમાં એશિયાઈ સિંહોની સંખ્યામાં વધારો થઈને ૬૭૪ થયો છે. જેમાં ૨૯ ટકાનો વધારો થયો છે. સરકાર દરેક ક્ષેત્રમાં કામ કરી રહ્યું છે જેમ કે ખેડૂત, મહિલાઓ, દીકરીઓ, પ્રકૃતિ, જીવદયાની વાત હોય એમ દરેકને સાથે લઈને ચાલે છે. આ સરકાર એ પ્રજાની સરકાર છે. સરકાર દ્વારા નાના અને સીમાંત ખેડૂતોને વૃક્ષો રોપવા માટે ૨૦,૦૦૦ ની સહાય ચુકવવામાં આવે છે. તેમણે વધુ ઉમેર્યું કે, યોગ અને પ્રકૃતિનો પણ એક અનોખો સંબંધ છે. યોગ થી રોગ ભાગે છે. માટે યોગ જીવનમાં શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી માટે ખૂબ જ ઉપયોગી છે. યોગમાં પણ શ્વાસ લેવા અને છોડવા માટે ઓક્સિજન જોડાયેલો છે. વૃક્ષોનું મહત્વ તમારી અને આપણી આવનારી પેઢી માટે ખૂબ જ ફાયદાકારક છે. તો આજે સંકલ્પ કરીએ કે વૃક્ષો વાવીએ તેવું આહ્વાન કરું છુ. રાજ્યમાં ગુજરાત જનતાનો સહકાર અને ખૂબ જ સહયોગ મળી રહ્યો છે. માટે રાજ્યને લીલુંછમ બનાવીએ. વિવિધ પ્રકારના વૃક્ષો વાવીએ અને તેનું જતન કરીએ.

આ પ્રસંગે અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણ,જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના તથા વન અધિકારીશ્રી મોનીટરીંગ ગાંધીનગર ગાર્ડી પોપટે પ્રાસંગિક પ્રવચનો આપ્યા હતા.

આ ઉજવણી સંદર્ભે બાયડ ધારાસભ્યશ્રી જશુભાઈ પટેલ, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ કનુભાઈ મનાત, ઈન્ચાર્જ નાયબ અધિકારીશ્રી રબારી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી મેઘરજ, રમીલા બેનશ્રી, અરવલ્લી મોડાસા નાયબ વનસંરક્ષક અધિકારીશ્રી પી.પુરુષોથમા, સાબરકાંઠા નાયબ વન સંરક્ષક અધિકારીશ્રી કે.પી.ચાવડા, શ્રી ભીખાજી ડામોર રેન્જ અધિકારીશ્રી ચૌધરી, વન વિભાગના અધિકારીશ્રીઓ તથા લાભાર્થીઓ સોશિયલ ડિસ્ટન્સ સાથે ઉપસ્થિત રહ્યા હતા.



**चौटुपल स्थित अम्मा नाना आश्रम के पिछले 10 वर्षो से सुंदर संचालन हेतु आश्रम के संचालक शंकर का अभिनंदन करते हुए लव फोर काऊ फाउण्डेशन के चेयरमेन जसमत पटेल, ट्रस्टी रिद्धीश जागीरदार, साथ मे तरूण महेता, दद्दु पटेल, हनुमंत राव । उल्लेखनीय है कि आश्रम मे करीब 350 अनाथ लोगो रहते है, श्रावण मास के अवसर फाउण्डेशन की ओर से आश्रम को वित्तीय सहोयग किया गया ।**

### પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ.પ્રશાંત કોરાટની પત્રકાર પરિષદ યોજાઇ

## દેશને આઝાદીના ૭૫ વર્ષ પુર્ણ થયા તે નિમીત્તે યોજાનાર આઝાદી અમૃત મહોત્સવ અંતર્ગત યુવા મોરચા દ્વારા સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમો યોજાશે

**૧૫ મી ઓગસ્ટ થી ૧૮ ઓગસ્ટ દરમિયાન ગુજરાતભરમાં ૧૩૪ સ્થળો પર યુવા મોરચા દ્વારા મેરેથોન દોડ અને સાયકલિંગના કાર્યક્રમ યોજાશેઃ- શ્રી ડો.પ્રશાંતભાઇ કોરાટ**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ પ્રદેશ કાર્યાલય ×શ્રી કમલમ× ગાંધીનગર ખાતે ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડૉ.પ્રશાંત કોરાટે પત્રકાર પરિષદ સંબોધી હતી. યુવા મોરચા દ્વારા આઝાદીના સ્વતંત્રના ૭૫ વર્ષ પૂર્ણ થયા તે નિમીત્તે અમૃત મહોત્સવ ઉજવવામાં આવશે. આ નિમીત્તે યુવા મોરચાના આગામી કાર્યક્રમો અંગે માહીતી આપી હતી.

શ્રી કોરાટજીએ જણાવ્યું કે પ્રદેશ યુવા મોરચા દ્વારા ૧૪મી ઓગસ્ટના રોજ આઝાદીની પુર્વ સંધ્યાએ દેશ ભક્તિનું વાતાવરણ ઉભુ કરી સમગ્ર ગુજરાતમાં ૨૫૬ થી વધારે સ્થળો પર મશાલ રેલીનું આયોજન હાથ ધરાશે. મશાલ યાત્રા દરમિયાન દેશભક્તિના ગીતો સાથે કોવિડના નીયમોના પાલન સાથે યાત્રા નીકાળવામાં આવશે. ૧૫મી ઓગસ્ટે આઝાદીના પર્વ નીમીત્તે ભારતીય જનતા પાર્ટીના તમામ યુવાનો પોતાના વિસ્તારમાં, મંડળમાં સાથે બેસી આદરણીય વડાપ્રધાનશ્રી લાલ કિલ્લા પરથી કરનાર સંબોધનને સાંભળશે.

શ્રી કોરાટજીએ જણાવ્યું કે, આવતીકાલે ૧૫મી ઓગસ્ટના રોજ આવનારૂ ૭૫મું વર્ષ એટલે આઝાદીના અમૃત મહોત્સવ તરીકે ઉજવાશે. આ વર્ષ આવનાર પેઢી માટે અને આજના યુવાનો માટે ખુબ મહત્વનું છે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી યુવાનોમાં દેશભક્તિની પ્રેરણા મળે તે રીતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

યુવા મોરચા દ્વારા સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ વર્ષને આઝાદીના અમૃત મહોત્સવ તરીકે ઉજવી લોકોને અને આજના યુવા વર્ગને ૨૦૪૭નુ જે ભારત એ ન્યુ ઈન્ડિયા એ પ્રકારના કાર્યક્રમ થકી દેશના યુવાને દેશભક્તિ માટે પ્રેરણા મળે તે પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ઘણા યુવાનોએ દેશની આઝાદી અપાવવામાં મહત્વનો ફાળો રહ્યો છે ત્યારે ૭૫નું વર્ષ યુવાનો માટે મહત્વનું છે.

શ્રી ડૉ.પ્રશાંત કોરાટે વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં ૧૫મી ઑગસ્ટના રોજ યુવા મોરચા દ્વારા સવારે ૭:૫૦ કલાકે એક સાથે સામુહિક રાષ્ટ્રગાન કરવામાં આવશે. ૩૦૦થી વધારે સ્થળો પર આ કાર્યક્રમ યોજાશે જેમાં ૩૦ હજારથી વધુ યુવાનો જોડાશે. સાથે આવતીકાલથી આઝાદીના અમૃત મહોતસ્વ ઉજવામાં આવશે આ કાર્યક્રમ ૧૫ મી ઓગસ્ટ થી ૧૮ ઓગસ્ટ સુધી યુવા મોરચાએ મેરેથોન દોડ અને સાયકલિંગ નો કાર્યક્રમનું આયોજન કર્યું છે. ૧૩૪ સ્થળો પર ગુજરાતના યુવાનો મેરેથોન દોડ અને સાયકલિંગ નું આયોજન કરશે જેમાં ૧૨૭ સ્થાન પર મેરેથોન દોડ થશે અને સાત સ્થળો પર સાયકલિંગનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ કાર્યક્રમ દ્વારા આઝદાની અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મેરેથોન દોડ ૭૫૦૦ મીટર સમગ્ર દેશમાં યોજાશે અને ૧૦૦૫ કીલોમીટરની યાત્રા ગુજરાતમાં યોજાશે. સમગ્ર રાષ્ટ્રમાં ૭૫ સ્થાન આ કાર્યક્રમ જેમાં સમગ્ર રાષ્ટ્રમાં ૫૬૨૫ કિલોમીટરનો કાર્યક્રમ થવાનો છે. અને આઝાદીના અમૃત મહોત્સનો કાર્યક્રમ માત્ર ભારતીય જનતા પાર્ટીનો કાર્યક્રમ નહી પરંતુ સમગ્ર દેશનો કાર્યક્રમ છે. આ કાર્યક્રમમાં સૌથી વધુ યુવાનો જોડાય તે માટે હાકંલ કરી હતી અને આવનાર વર્ષ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં આવનાર સમયમાં ભારત વિશ્વગુરુ બનશે. અને અંતમાં મેરેથોન દોડ અને સાયકલિંગ કાર્યક્રમ અંતર્ગત યુવા મોરચા દ્વારા ટી-શર્ટનું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

શ્રી ડૉ.પ્રશાંત કોરાટે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું



હતું કે, કોરોના કપરાકાળમાં યુવા મોરચાએ લોકો વચ્ચે અને સમાજ વચ્ચે જઇ સેવાકીય કાર્યો કર્યા હતા. આ મહામારીમાં ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા સમગ્ર ગુજરાતભરમાં ૭૫૦થી પણ વધારે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૩૦ હજારથી વધારે બ્લડની બોટલ એકત્રીત કરી સમાજને મદદરૂપ થયા.


આ પ્રેસ વાર્તામાં શ્રી પંકજભાઇ ચૌધરીએ માહીતી આપી હતી કે, આપણા દેશના આઝાદીના ૭૫ વર્ષ પુર્ણ થઇ રહ્યા છે તે નિમીત્તે કેન્દ્ર સરકારે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં આઝાદીના અમૃત મહોત્સવ ઉજવવાનો સંકલ્પ કર્યો છે. દેશને આઝાદી અપાવવામાં જેમણે સમગ્ર જીવન સમર્પિત કર્યુ તેવા અસંખ્ય શહિદોને યાદ કરવામાં આવશે. અને આઝાદી કા અમૃત મહોત્સવ શા માટે ઉજવાશે તે અંગે પણ માહિતી આપી હતી.

પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી ડૉ.પ્રશાંતભાઇ કોરાટ, પ્રદેશના મંત્રી અને યુવા મોરચાના પ્રભારીશ્રી પંકજભાઇ ચૌધરી, પ્રદેશના સહ પ્રવકતાશ્રી કિશોરભાઇ મકવાણા, પ્રદેશ યુવા મોરચાના મહામંત્રીશ્રીઓ કૌશલભાઇ દવે, નરેશભાઇ દેસાઇ પત્રકાર પરિષદમાં ઉપસ્થિત હતા.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ચાર ગદ્ય. રચનાઓ વિષય : કલ આજ ઔર કલ,ભૂતકાળ,ભવિષ્ય,વર્તમાન " વિષયક રચનાઓ.(તા.૧૫-૮-૨૦૨૧) દિવસ - ૬ ( પાંચમો દીવસ)

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

NOG SS NO.0031
વિષયઃ- કલ આજ ઔર કલ
વિભાગઃ ગદ્ય
પ્રકારઃ-ટૂંકી વાર્તા
શીર્ષકઃ ફાસ્ટ ફૂડ

જયબાએ રસોડામાં આવી જોયું તો,પોતાની પૂત્ર વધૂ આરતી પિત્ઝા બનાવી રહી હતી. આ જોઇ જયાબા બોલ્યા, "લ્યો આ આજકાલની બૈરાઓ પણ કેવી આળસુ બની ગઇ છે. સાંજે જમવામાં આવું જ કંઈક ઝડપથી રંધાઈ જાય એવું જ બનાવે.આ પિઝાના રોટલા તૈયાર લઇ આવે,એનો સોસ તૈયાર લઇ આવે. થોડું ઘણું શાક સમારી બધું પિઝાના રોટલા પર પાથરી રોટલો ઓવનમાં કે ગેસ પર શેકવા મૂકી દે,અને પંદર મિનિટમાં પોતે રસોઇમાંથી નવરી થઇ જાય.છોકરાંઓને આવું ખવરાવે પછી તેમનામાં શું તાકાત આવે? અરે! અમે તો વાળુમાં અમારા બાળકોને ચૂલા પર ધીમી આંચે કરેલી ખિચડી, હાથથી ટીપેલા બાજરીના રોટલા અને ઓછા
તેલમાં બનતી પાલખ કે મેથીની ભાજી ખવરાવતાં. આવું ઘરનું અને સ્વાસ્થ્યપ્રદ ભોજન જમતાં એટલે જ તો અમારા બાળકો પંચાવન વર્ષે પણ વીસ પચીસ વર્ષનાં જુવાનિયાની જેમ કામ કરી શકે છે."

આ સાંભળી આરતીબેન બોલ્યા, " બા એ ખિચડી અને ભાજી રોટલાનાં જમાના ગયા. અત્યારનાં
જુવાનિયાઓને તો સાંજે જમવામાં ફાસ્ટફૂડ ભાવે.સાંજે જ્યારે તમારા પૌત્ર આકાશનો ફોન આવે કે શું જમવાનુંબનાવ્યું છે? તો આપણે એમ કહીએ કે ભાખરી શાક તો તરત જ કહેશે મમ્મી મારું અને અવનીનું જમવાનું ના બનાવીશ અમે બહાર જમીને આવીશું. આ દીકરા અને વહુ માટે મારે આ બધું બનાવવું પડે?. બા તમારા સમયમાં ચૂલા પર રસોઈ કરવી પડતી, તો તમે જાજો સમય રસોડામાં જ પસાર કરતાં. અત્યારનાં સમયમાં આધુનિક સગવડો છે તો અમારે ઓછો સમય પસાર કરવો પડે છે."

જયાબા અને આરતીબેન આમ વાત કરતાં હતાં ત્યાં આકાશ અને અવની આવ્યાં. અવનીનાં હાથમાં મોટો થેલો હતો. થેલામાં બહું બધાં પેકેટ હતાં. આ જોઇ આરતીબેને પૂછ્યું, " અવની આટલું બધું શું લઇ આવી?"

અવનીએ કહ્યું, " મમ્મી તમે આવતા અઠવાડિયે
માસીને ત્યાં ત્રણ ચાર દિવસ જવાનાં છો. તમે જશો એટલે રસોઈનું કામ મારે કરવું પડશે. સવારે મારે ઓફિસ
જવાની ઉતાવળ હોય અને સાંજે હું થાકી ગઇ હોવ તો
રસોઈ કેમ બનાવું? એટલે હું દાળ ,શાક ,કઢી , વગેરે ખાલી ઉકળતા પાણીમાં નાખો એટલે તરત જ બની જાય
તેવા પેકેટ લઇ આવી. રોટલી,ભાખરી, પરોઠા એનાં પણ પેકેટ લઇ આવી તે પેકેટમાંથી કાઢી ખાલી માઇક્રોવેવમાં શેકવાનાંજ રહે."

આ સાંભળી જયાબેન બોલ્યા શું જમાનો આવ્યો છે આવનાર પેઢીને તો રસોઇ કરવાની કંઇ ઝંઝટ જ નથી જોઇતી.

મેઘલ ઉપાધ્યાય 'મેઘુ' રાજકોટ

---

NOG SS NO. 0034
વિષય : કલ આજ ઔર કલ
વિભાગ : ગદ્ય (વાર્તા)
શીર્ષક : સ્વાભિમાન
શબ્દ સંખ્યા : ૩૪૦

અચાનક બદલીનો ઓર્ડર આવતાં પૃથા વ્યથિત હતી. જે શહેર સાથે વર્ષો પહેલાં ભારે હૈયે નાતો તોડયો હતો ત્યાં જ જવાનું હતું. બે દિવસમાં જ પહોંચવાનું હોવાથી એણે અહીં બધું સંકેલીને એની ટિકિટ બુક કરાવી લીધી. નવાં બોસ કેવાં હશે એ અટકળો કરતાં-કરતાં ત્યાં પહોંચીને બીજા જ દિવસે એણે ઓફિસ જોઈન કરી લીધી.

'મે આઈ કમ ઈન સર?' દરવાજો ખોલતાં તે સુંદર હાસ્ય સાથે અંદર પ્રવેશી અને બોસની ખુરશીમાં પ્રથમને જોતાં જ આશ્ચયચકિત થઈ ગઈ. એણે સ્વપ્નમાંયે કલ્પના નહોતી કરી કે આટલાં વર્ષો બાદ પ્રથમ સાથે એની મુલાકાત થશે. તે કંઈ બોલે એ પહેલાં પ્રથમ પણ આનંદાશ્ચયથી ઉછળી પડ્યો અને બંનેની આંખો જ બોલવા લાગી અને કંઈ કેટલાંય સવાલ જવાબ કરી લીધાં પરસ્પર. સમય જાણે થંભી ગયો હતો અને જિંદગીનાં વહી ગયેલાં વર્ષો પાછાં સજીવન થઈ ગયાં.

પૃથા અને પ્રથમ બંને એક જ કોલેજમાં ભણતાં હતાં. કોલેજનાં વાર્ષિક મહોત્સવ નિમિત્તે બેય વચ્ચે પ્રણયના બીજ અંકુરિત થયાં અને બેય એકબીજાની નજીક આવ્યા. તેમનાં ઘરવાળાઓએ પણ આ પ્રણય સંબંધ પર સગાઈની મહોર મારી દીધી હતી. કોલેજ પૂરી થાય એટલે તરત જ લગ્ન લેવાના હતાં. બંને ખુબ જ ખુશ હતાં અને સાથે ને સાથે જ ફરતાં. એક સમી સંધ્યાએ બંને બાઈક પર લૉંગ ડ્રાઈવ માટે નીકળ્યાં અને અચાનક જ વરસાદ તૂટી પડયો. વરસાદથી બચવા બંને એક ઝાડ નીચે ઊભાં રહી ગયાં. પ્રણયીજીવોને વહાલો એવો વરસાદ આજે બંધ થવાનું નામ નહોતો લેતો. પૃથાનાં દિવાના પ્રથમે અચાનક જ તેને આલિંગનમાં ભરી લીધી અને તેનાં કપાળને ચૂમી લીધું. સચેત પૃથા એક ઝાટકા સાથે દૂર ખસી ગઈ, ' ના, હમણાં નહીં. લગ્ન થઈ જાય એ પછી...'
'અરે, આપણાં લગ્ન મહિના પછી નક્કી છે, પછી તને વાંધો શું છે?' પ્રથમ ચિડાયો. થોડી બોલાચાલી બાદ બંને વચ્ચે અહમની દિવાલે સ્થાન લઈ લીધું અને.. તેઓ છુટ્ટા પડ્યાં!

એકબીજાને ભૂલી ન શકવાને કારણે આજે આટલાં વર્ષો બાદ પણ બંને સીંગલ જ હતાં. પ્રથમે ભૂતકાળ ભૂલવાનું કહી આગળ વધવાનું કહ્યું, પરંતુ પૃથાને મનાવી ન શક્યો. એ માનુની બોલી, " સાંધાવાળા સંબંધ ન ટકે. મારાં મનમંદિરમાં મારાં પ્રેમની અખંડિત મૂરત બિરાજમાન છે, જે કાયમ રહેશે. ભૂતકાળ ભૂલીને આપણે વર્તમાનમાં સારાં મિત્ર બની રહીશું."

ટેબલ પર જોઈનીંગ રિપોર્ટ મૂકીને તે માનુની ગર્વભેર ઓફિસથી બહાર નીકળી ગઈ.

ડો. રેખા શાહ

---

NOG SS No.0081
પ્રકાર : ગદ્ય
વિષયઃ ભૂતકાળ,વર્તમાન, ભવિષ્યકાળ.
શીર્ષક : હરિ હળવે હંકારે

જિંદગી દરેક વખતે આપણે ઈચ્છીએ તેમ ન ચાલે. ક્યારેક આપણે પણ ઉપરવાળાની કંડારેલી કેડી પર ચાલવું પડે છે . ત્યારે થોડુંક અસુખ,થોડી અણગમતી ઘટના બની જાય છે જે કટુતા નિર્માણ કરે છે.

જિંદગી વર્ષોની નહીં પણ ક્ષણોની બનેલી છે.તેથી આ અણગમતી પળોનો અફસોસ કરવામાં જેટલો સમય જાય છે એટલી ક્ષણો જીવવામાં ગુમાવાય છે. જીવવા માટે વિચાર નહીં પણ સહજતા અને સમતા રાખીએ તો વર્તમાનને પૂરો ન્યાય આપી શકાય.આજની ઘડી રળિયામણી રે...નો અભિગમ રાખીને દિવસને આવકારીએ તો મન પ્રફુલ્લિત રહે છે. કાં તો જિંદગીને એક પરીક્ષાની જેમ સ્વીકારો જેમાં હરઘડી કેવું પેપર આવશે એની તાણ અથવા કાલનું પેપર બરાબર ન લખાયું એનો અફસોસ.

અથવા જિંદગીને એક રમતની જેમ અપનાવો જેમાં ખેલદિલીથી રમવું અને જે પક્ષે રમવું પડે ત્યાં ઉત્તમ પ્રદર્શન કરવું. બીજાંનો વાંક કાઢવાને બદલે આપણી ખુશી હોય એ રીતે એમને આપણી જિંદગીમાં સ્થાન આપીએ. વર્તમાનમાં જીવવાનો આ એક સરળ ઉપાય છે.

એનો અર્થ એ નથી કે સુખ કે દુઃખમાં કોઈ પ્રતિક્રિયા ન આપવી.આપણે દેવ નથી ,માનવ છીએ તેથી પરિસ્થિતિ પ્રમાણે સુખી અને દુઃખી થઈએ જ.પણ એને આપણી જિંદગીમાં છવાઈ ન જવા દઈએ.ભૂતકાળની ગમતી ક્ષણોને જરૂર વાગોળીએ પણ એની તુલના કરી વર્તમાનની મોજને ઝાંખી ન પાડીએ.જો બીત ગઈ સો બાત ગઈ...આ સ્વ.હરિવંશરાય બચ્ચનની સુંદર કવિતાનાં હાર્દ મુજબ ભૂતકાળને બદલી શકાતો નથી. એમાં ગમે તેટલી પ્રિય કે અપ્રિય વાતો હોય એને ફક્ત પીંછાનાં સ્પર્શની જેમ અનુભવી છોડી દેવી હિતાવહ છે.

એ જ રીતે ભવિષ્યમાં શું થશે એની ચિંતા પણ અસ્થાને છે કારણ કે આપણે તો હરિનું સામર્થ્ય સ્વીકારી લીધું છે . તેથી આપણાં માટે જે ઉત્તમ છે એ 'એનાં' જ આધિપત્યમાં છે,તો એને જ આપણી લગામ સોંપી દઈએ અને નિશ્ચિંત થઈ 'એની' કૃપાને વધાવી ગાઈએ,

હરિ હળવે હળવે હંકારે, મારું ગાડું ભરેલ ભારે;
મેં તો લગામ સોંપી હાથ હરિને,હરિ ચાહે તો પાર ઉતારે!

?ભૂતને ભૂલો, વર્તમાનને વધાવો ,ભવિષ્યને ભાળો.

માયા દેસાઈ ,મુંબઈ ભારત.

---

NOG SS No/022
વિષય : કલ, આજ ઓર કલ
વિભાગ : ગદ્ય
પ્રકાર : વાર્તા
શીર્ષક : ખૂની
લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

અનિકેતે ઘડિયાળમાં સમય જોયો, દસ વાગવામાં પાંચ મિનિટ બાકી હતી. તે પાછલા અડધા કલાકથી રાહ જોઈ રહ્યો હતો.

તે ભવિષ્યકાળમાંથી ટાઈમમશીન દ્વારા પાછો આવ્યો હતો, પોતાની પત્ની પ્રિયાનો જીવ બચાવવા માટે. અનિકેત દેશનો પ્રખ્યાત વૈજ્ઞાનિક હતો, તેની ઘણીબધી થિયરીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે નામના પ્રાપ્ત કરી ચૂકી હતી.

તે વિદેશમાં હતો, તે વખતે પ્રિયાનું ખૂન થઈ ગયું. અનિકેતને સમાચાર મળ્યા એટલે તે કોન્ફરન્સ છોડીને મુંબઈ પાછો ફર્યો. તેણે પોલીસ પાસે જાણકારી મેળવવાની કોશિશ કરી, પણ પોલીસ તેની કોઈ મદદ કરી શક્યા નહીં. તેમણે ફક્ત એટલી માહિતી આપી કે કોઈ ધારદાર હથિયાર વડે તેના ગળા ઉપર કાપો મૂકવામાં આવ્યો હતો. પોલીસ ન તો તે હથિયાર મેળવી શકી ન તો ખૂનીનો પત્તો લગાવી શકી.

પોસ્ટમાર્ટમ રીપોર્ટ પ્રમાણે ફક્ત ખૂનનો સમય દસ વાગીને પાંચ મિનિટનો હતો. અનિકેત દુઃખમાં ડુબી ગયો તે પ્રિયાને અનહદ ચાહતો હતો. દુ:ખ જ્યારે હળવું બન્યું, ત્યારે તેને ખૂનીનો પત્તો લગાવવાનો ઉપાય પોતાની થિયરીમાં દેખાયો. ટાઈમલૂપનો ઉપયોગ કરીને ભૂતકાળમાં જઈને ખૂનીનો પત્તો લગાવી શકાય. તે પ્રેક્ટિકલ મોડેલ બનાવવામાં મચી પડ્યો. દસ વર્ષ બાદ તે સફળ થયો અને તે ભૂતકાળમાં પ્રવાસ કરવા સક્ષમ બન્યો.

પોતે બનાવેલું ઘાતક હથિયાર લઈને તે પાછો ફર્યો હતો અને પોતાના ઘરની બહાર ગાડીમાં બેસીને ખૂનીની રાહ જોઈ રહ્યો હતો.

થોડી જ ક્ષણોમાં એક ગાડી તેના ઘર આગળ આવીને ઉભી રહી, જેમાંથી તેનો મિત્ર વિજય ઉતર્યો. અનિકેતને ખબર પડી ગઈ હતી કે ખૂની કોણ છે. તેનો મિત્ર વિજય જ પ્રિયાનો ખૂની હતો.

તેના ઘરનો દરવાજો ખુલ્લો હતો, વિજય બેધડક પ્રવેશી ગયો. અનિકેત તેની પાછળ ચોરપગલે પાછળ ગયો. તે પોતાનું હથિયાર લઈને તૈયાર હતો, વિજય પ્રિયાને મારવા જાય ત્યારે જ તેને મારી નાખવો.

પણ તેણે જોયું કે પ્રિયા વિજયની બાહોમાં સમાઈ ગઈ અને અનિકેતની નસ ફડકવા લાગી. બે જ મિનિટમાં બંને તેના પલંગમાં હતાં. અનિકેતથી ન રહેવાયું અને તેણે પોતાના હથિયારને પ્રિયાની દિશામાં ફેરવીને ચલાવી દીધું, જેને લીધે તેના ગળા ઉપર એક લાંબો ચીરો પડી ગયો. તેણે વિજયની પીઠ ઉપર એવો જ વાર કરીને, તેને ઉંચકીને પોતાની ટાઈમટ્રાવેલ કરાવનાર ગાડી પાસે ગયો. વિજયને લઈને તે ભવિષ્યમાં નીકળી ગયો.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---

૧૫ મી ઓગષ્ટ ૨૦૨૧,NOG સાહિત્ય સરિતા ગ્રુપ વતી નિર્ણાયક શ્રી જયશ્રી પટેલ (દાદી શા)...દ્વારા દેશવાસીઓ ને અર્પણ.........

## હું આઝાદ ભારત

સ્વપ્ન મારું રામ રાજ્ય
પૂર્ણ કરવા આવ્યા મોહન
બાપૂ કહી સૌએ સંબોધ્યા !
સો વર્ષની ગુલામીમાંથી
હું આઝાદ થયું જેમ..પ્રકાશે
પંકજમાંથી અલિ તેજ પામ્યાં !
તેજ પૂંજે કેશરિયા કર્યા
સર્વે નવ લોહિયા ઉત્કૃષ્ટ
અરે! પ્રશ્ન તો અનેક ઊઠ્યાં!
જોતા રહ્યાં બાપૂ તો તે જ
ન માંગ્યા રામ ભાગલા મેં
ત્યાં રમી ગયાં રમત અભાગિયાં!
બિચારું ન બની જાય ભારત
જોવા ન રહ્યાં બાપૂ થયાં ત્યાંજ
હિન્દુનાં હાથે શહિદ હે રામ બોલ્યા!
નેહરૂએ કર્યુ ભારત પર રાજ્ય
બેઠાં મામા ફોઈનાં સગા ગાદીએ
સ્વપ્ન ભારતનુ સૂતાને સોંપી ગયાં!
નારીત્વનું પ્રતીક બની તેણી
ભારતને કર્યું રાજકારણથી લાલચું
લઢી મર્યા માંહે માંહે જાતપાતે સર્યા!
ગયા પાણી મહી વર્ષો ,ભૂસાયું નામ,
મારું કોઈ પણ સ્થાન ન રહ્યું વિશ્વમાંય,
જોતું રહ્યું હું વિશ્વનાં નકશામાં સમાસ ક્યાં!
ત્યાં ભાલે ઊગ્યો સૂરજ એક ને
જોતાં રહ્યાં લોકો દેશ વિદેશમાંય
ન.મો એ ત્રિરંગાને લહેરાવ્યો!
આજ ગર્વથી હું મોખરે જગમાં
જ્યાં ને ત્યાં બધાં ધ્વજોમાં હું સંગે
વિશ્વનાં મેદાનો પર ગવાય મારું" રાષ્ટ્ર ગાન"!
હું આઝાદ ભારતમાન રુતબો મારો
જન જનમાં નામ વશે ૫
પ્લેટિનમ મહોત્સવે
આઝાદ ભારત કેરો નાદ રણક્યો!
જય ભારત,જય હિંદ,વંદે માતરમ




જયશ્રી પટેલ

## ફોટો ગેલેરી



### PUBG માટે ઘર છોડીને જતો રહ્યો ૧૯ વર્ષીય યુવક

# નાંદોજ ગામમાં પિતાએ યુવકને PUBG રમવાનું ના પાડતા પરીવાર છોડ્યો,પોલીસને જાણ કરી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

PUBG ગેમમાં અનેક યુવાનો અને યુવતીઓ બરબાદ થઈ જતા તેમજ બાળકોના અભ્યાસ અને માનસપટ પર ખરાબ અસર થતા તેમજ કેટલાક કિસ્સાઓમાં આત્મહત્યાના બનાવો બહાર આવતા ભારત સરકારને પોપ્યુલર બેટલ ગેમ પબજી પર પ્રતિબંધ લગાવી દીધો હતો

ગુજરાત પોલીસે સત્તાવાર ચેતવણી બહાર પાડી હતી અને જાહેરમાં PUBG ગેમ રમનાર વ્યક્તિ વિરુદ્ધ કાયદેસર કડક કાર્યવાહી કરવામાં આવી હતી ત્યારે દેશમાં ફરીથી PUBG ગેમ બેટલ ગ્રાઉન્ડ મોબાઈલ ઈન્ડિયા ભારતમાં લાંચ તાજેતરમાં કરવામાં આવી છે ટીનએજર્સ અને યુવાઓમાં પબજી ગેમનો ક્રેઝ વાલીઓ અને સરકાર માટે પણ માથાનો દુખાવો બની રહ્યો છે. પબજી રમનારા એક આભાસી દુનિયામાં જતા રહેતો હોય છે.જેનો વાસ્તવિક દુનિયા સાથેનો સંપર્ક ઓછો થતો જાય છે.

પબજીના ક્રેઝના એક લેટેસ્ટ મામલામાં અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નાંદોજ ગામમાં પરીવાર સાથે રહેતો ૧૯ વર્ષીય યુવક પબજી માટે ઘર છોડીને જતો રહ્યો છે.તેના પિતાએ કહ્યુ હતુ કે પબજી ગેમથી તેનુ બ્રેન વોશ થઈ ગયુ છે.પિતાએ ભિલોડા પોલીસમાં પુત્રના ગૂમ થવાનો રિપોર્ટ લખાવ્યો છે.

નંદોજ ગામમાં પરીવાર સાથે રહેતો ૧૯ વર્ષીય મીત નરેશભાઈ પટેલ નામનો યુવક છેલ્લા કેટલાક સમયથી સતત મોબાઈલમાં પબજી ગેમ રમતો હોવાથી તેના પિતાએ પબજી ગેમ રમવાની ના પાડતા મીત પટેલે ગુરુવારે જાણે પબજી ગેમમાં બ્રેઈનવોશ થયું હોય તેમ થેલામાં કપડાં ભરી ઘર છોડી જતો રહેતા યુવકના પરિવારજનોએ યુવકની આજુબાજુના વીસ્તાર સહીત સગા-સબંધીને ત્યાં શોધખોળ હાથધર્યા પછી પણ યુવક ન મળી

પબજી ગેમનો યુવાનોને એવો ચસ્કો લાગ્યો છે પબજી ગેમની ચોંકાવનારી ઘટનાઓ રોજ સામે આવી રહી છે. એવું પણ જાણકારો કહી રહ્યા છે કે આ ગેમ દારૂ અને ડ્રગ્સ કરતાં પણ વધુ ખતરનાક હોવાનું બહાર આવ્યું છે. તે ઉપરાંત આ ગેમ હત્યા કરવા સુધી મજબૂર કરી શકે છે.પબજી ગેમ રમનાર વ્યક્તીઓ માનશીક રીતે બીમાર બની શકે છે કેટલાક યુવક અને યુવતીઓ અને બાળકો પબજી ગેમમાં માનશીક સંતુલન પણ ગુમાવી ચુક્યા છે પબજીમાં મળતા આરપી નામના પોઈન્ટ માટે બાળકો અને યુવક-યુવતીઓ તેમના જ ઘરમાં અને બહાર પણ ચોરીના રવાડે ચઢ્યા હોવાના અનેક કિસ્સાઓ નોંધાઈ ચુક્યા છે




शिरडी साई बाबा के वस्त्र एवं पादुका लेकर नगर पधारे अशोक नगारे का अभिनंदन करते हुए रामसिंह विरेन्द्र महेन्द्र राजेश अग्रवाल, साथ मे जसमत पटेल, रिद्धीश जागीरदार, किरण पटेल, मनीष नागडा एवं अन्य।

# ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૨મા વન મહોત્સવની ઉજવણી શ્રી લીંબજ સેવા ટ્રસ્ટ, રાયસણ ખાતે મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારના અધ્યક્ષ સ્થાને કરાઇ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૨મા વન મહોત્સવ-૨૦૨૧ની ઉજવણી સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી.

શ્રી લીંબજ માતાજી સેવા ટ્રસ્ટ, રાયસણ ખાતે યોજાયેલ કાર્યક્રમનું દીપ પ્રાગટય કરી સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે, વનીકરણ કાર્યક્રમને સાર્થક કરવા માટે આપણે સૌએ વૃક્ષોનું જતન કરવું ખૂબ જરૂરી છે, તો જ આપણા સૌનું ‘ હરિયાળા ગુજરાત’ નું સપના સાકાર થશે. સમગ્ર દેશમાં વૃક્ષો અંગેની જાગૃતિ લાવવા માટે અને વૃક્ષોની સંખ્યા વધારવા માટે વન મહોત્સવનો આરંભ ગુજરાતના સપૂત શ્રી કનૈયાલાલ મુનશીએ વર્ષ-૧૯૫૦માં કરી હતી. રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૪થી વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે દર વર્ષે એક સાંસ્કૃતિક વન નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો હતો. જેની ફળશ્રુતિ રૂપે ગાંધીનગરના આંગણે પુનિત વન નિર્માણ થયું છે. આજે વલસાડ જિલ્લા ઉમરગામ તાલુકાના કલગામ ખાતે રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વન મહોત્સવ નિમિત્તે સાંસ્કૃતિક વન મારુતિનંદનને ખુલ્લું મુક્યું છે.

પંખી વિના વૃક્ષ અને વૃક્ષ વિનાની પૃથ્વી જેમ કલ્પીશકાતી નથી, એવું કહી મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વિના કારણે વૃક્ષોનું નિકંદન કરવું તે મહાપાપ છે. સમગ્ર સૃષ્ટિનો આધાર વૃક્ષો પર રહેલો છે. વ્યક્તિના જીવનમાં જન્મથી મરણ સુધી વૃક્ષ કેવી રીતે વણાયેલું છે, તેની દ્દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. વન મહોત્સવ એટલે વૃક્ષોની પૂજા કરવાનો ઉત્સવ એવું કહી મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ભૌતિકવાદ થકી આજે પર્યાવરણમાં અસંતુલન આવ્યું છે. જેના કારણે આજે આપણે સૌ ગ્લોબલ વોર્મિંગ ની અસર નો અનુભવ કરી રહ્યા છીએ. ગાંધીનગર દક્ષિણ ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં વૃક્ષનું જતન કરવું અને તેનું મહત્વ આપણને સમજાવવામાં આવ્યું છે. ગ્રીન ગાંધીનગર બનાવવા માટે સર્વે નાગરિકોને વૃક્ષારોપણ કરવાનું આહવાન કર્યું હતું.



ગાંધીનગર વર્તુળના મુખ્ય વન સંરક્ષક શ્રી એફ. એલ. ખોબુંગે જણાવ્યું હતું કે, સામાજિક વનીકરણ થકી શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં વૃક્ષોની સંખ્યા સારો વધારો થયો છે. તેમણે ગ્રીન ગુજરાત એપ વિશેની માહિતી આપતા જણાવ્યું હતું કે, જેના થકી કઈ નર્સરીમાં કેટલા રોપા ઉપલબ્ધ છે, તેની માહિતી તમામ નાગરિકોને મળી શકે છે. તેમજ વનખાતાને વિવિધ યોજનાઓની પણ માહિતી મેળવી શકે છે

ગાંધીનગર જિલ્લાના નાયબ વન સંરક્ષક શ્રી એસ.એમ. ડામોરે મહાનુભાવનું શાબ્દિક સ્વાગત કરી જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં ૩૯૪ હેક્ટરમાં વનીકરણ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો છે. જેમાં ૩ લાખ ૭૦ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ૭૨મા વન મહોત્સવ નિમિત્તે સમગ્ર જિલ્લામાં ૧૯ લાખ ૭૦ હજાર રોપાઓનું વિના મૂલ્ય વિતરણ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. જેમાંથી ૧૨ લાખથી વધુ રોપાઓનું વિના મૂલ્ય વિતરણ થઇ ગયું છે. આગામી સમયમાં જિલ્લાના તમામ તાલુકા કક્ષાએ અને ૧૦૦ ગામોમાં વન મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરી રોપાઓનું વાવેતર કરવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી એસ.એમ.ભોરણિયા, લીંબજ માતાજી સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી સહદેવ દેસાઈસહિત ટ્રસ્ટી ગણ અને આમંત્રિત વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વન વિભાગ,ગાંધીનગર તથા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગર ખાતે મહાનગરપાલિકા કક્ષાના ૭૨મા વન મહોત્સવ ની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું



વન વિભાગ,ગાંધીનગર તથા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજરોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,સેક્ટર-૨૦, ગાંધીનગર ખાતે મહાનગરપાલિકા કક્ષાના ×૭૨મા વન મહોત્સવ× ની ઉજવણી ના કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ. બાળાઓ દ્વારા સ્વાગત ગીત ની સુંદર પ્રસ્તુતિ તથા મંચસ્થ મહાનુભાવોના હસ્તે શુભ દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમનો શુભારંભ કરાયેલ.કાર્યક્રમના શુભારંભે કલોલ ઈર્ફ્લ શ્રી પી. એચ. પટેલ દ્વારા સ્વાગત પ્રવચન કરી સર્વેને શાબ્દિક આવકાર આપેલ.ત્યારબાદ મંચસ્થ ઉપસ્થિત કાર્યક્રમના મુખ્ય મહેમાન ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી દિલિપભાઈ પટેલ,ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ,કુલસચિવ શ્રી અશોકભાઈ પ્રજાપતિ, ગાંધીનગર મહાનગરપાલિકાના માન.કમિશ્નરશ્રી ડો. ધવલ પટેલ સાહેબ, ના. મ્યુનિ. કમિશ્નર પૂજા બાવડા મેડમ, ગાંધીનગર શહેર વસાહત મંડળ પ્રમુખ શ્રી અરૂણભાઈ બુચ,સિનિયર આર.એફ.ઓ શ્રી ત્રિવેદી સાહેબ,બરોડા ગુજરાત ગ્રામીણ બેંક મેનેજર શ્રી પ્રદિપભાઈ સોલંકી, ગાંધીનગર મહાનગર ભાજપ મહામંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા,શ્રી કનુભાઈ દેસાઈ તથા ઉપાધ્યક્ષ શ્રી નિલેશભાઈ પટેલ શહીત તમામ મહાનુભાવ શ્રીઓ ને ×તુલસી ના રોપા× અર્પણ કરીને સ્વાગત કરાયેલ. ત્યારબાદ શ્રી અશોકભાઈ પ્રજાપતિ,હર્ષદભાઈ શાહ તથા માન. કમિશ્નરશ્રી ડો.ધવલ પટેલ સાહેબ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરતા વૃક્ષો, પર્યાવરણ અને વનીકરણ ઉપર સુંદર માર્ગદર્શન પૂરું પાડેલ. ત્યારબાદ ઉમરગામ જિ. વલસાડ થી માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ ની ઉપસ્થિતિ મા આયોજીત રાજય કક્ષા ના ×વન મહોત્સવ×ના મુખ્ય કાર્યક્રમ નું જીવંત પ્રસારણ સૌએ નિહાળેલ.કાર્યક્રમનું આભાર દર્શન બોરીજ ઈર્ફ્લ શ્રી ભરતભાઈ દેસાઈ દ્વારા કરાયેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન માસ્ટર એક્કર શ્રી વિનોદકુમાર ઉદેચા દ્વારા આગવી શૈલીમાં કરાયેલ .

આ કાર્યક્રમ માં યુનિવર્સિટી ના પટાંગણ માં મહાનુભાવો ના હસ્તે ફળ ફળાદી વૃક્ષ સહિત ૧૦૧ વૃક્ષો નું વૃક્ષારોપણ કરાયેલ તથા તેના ઉછેર અંગે સંકલ્પ લીધેલ.આ કાર્યક્રમાં સુંદર વ્યવસ્થા સહિત કાર્યક્રમ ને સફળ બનાવવા વનવિભાગના નાયબ વન સંરક્ષક શ્રી ડામોર સાહેબ ના માર્ગદર્શન હેઠળ વનવિભાગના તમામ કર્મચારી ગણ દ્વારા ભારે જહેમત ઉઠાવેલ જેને સર્વે એ બિરદાવેલ.આ કાર્યક્રમમાં દ્વઝઝ કેડેટ્સ સહિત મોટી સંખ્યામાં ન ગ ર જ ન ા ` ઉપસ્થિત રહેલ.

## અમદાવાદ જિલ્લા વહિવટી તંત્રની નવતર પહેલ

# સ્વાતંત્ર્ય સેનાનીઓના ઘરે જઈને સન્માન કરતા અમદાવાદ જીલ્લા કલેકટર શ્રી સંદિપ સાગલે

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી સમગ્ર દેશમાં થઈ રહી છે ત્યારે સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાઈને આપણા દેશને આઝાદી અપાવનાર વીર સપૂતોનું સન્માન કરવું તે આપણી ભારતીય પરંપરા છે. આપણો દેશ ૭૫મા સ્વતંત્ર પર્વની ઉજવણી કરી રહ્યો છે એ સ્વાતંત્રતા મેળવવા માટે અનેક ક્રાંતિકારીઓ, નામી-અનામી શહીદોએ બ્રિટિશરોસામે અવિરત સંઘર્ષકરીને, જેલવાસ ભોગવીને આપણને આ મહામૂલી આઝાદી અપાવી છે. નરોડા સંજયનગરના રહેવાશી ૯૮ વર્ષીય શ્રી લક્ષ્મણભાઈ ચૌહાણ અને ઉસ્માનપુરાનાશ્રી ઈશ્વરલાલ દવે સ્વાતંત્ર્ય સેનાની તરીકે સન્માનીય વ્યક્તિઓમાં સ્થાન ધરાવે છે. તેમની પ્રતિકૂળ તબિયતના કારણે તેઓ આવતીકાલે યોજાનાર જિલ્લા કક્ષાના ધ્વજ વંદન સ્થળે ઉપસ્થિત રહી શકે તેમ ન હોવાથી જિલ્લા કલેકટરશ્રી સંદિપ સાગલેએતેમના ઘેર જઈને તેમનું સૂતરની આંટી પહેરાવીને , શાલ ઓઢાડીને અને પ્રતિકાત્મક ચિહ્નરૂપે ચરખાની પ્રતિકૃતિ આપીને સન્માન કર્યું હતું.



અમદાવાદ શહેરમાં રહેતાસ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન કરતા જીલ્લા કલેકટર શ્રી સંદિપ સાગલેએ જણાવ્યું કે :‘‘દરેક રાષ્ટ્રીય પર્વમાં સ્વાતંત્ર્ય સેનાનીઓને હાજર રાખીને સ્ટેજ પર તેમનું સન્માન કરવાની આપણી ગૌરવવંતી પરંપરા છે. પરંતુઘણીવાર શારીરિક અશકતતા અને મોટી ઉમંરના કારણે તેઓ કાર્યક્રમ સ્થળ સુધીઆવી શકતા નથી,તેથી આ વર્ષે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના પાવન પર્વે અમદાવાદ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા નવતર વિચારના ભાગરૂપે આવા સ્વાતંત્ર્ય સેનાનીઓના ઘેર જઈને તેઓને સન્માનિત કરવાનો અવસર સાંપડ્યો.

ભારતની આઝાદીની લડતમાં પોતાની વીરતા બતાવનારસ્વાતંત્ર્ય સેનાનીઓને કારણે જ આપણે આજે આ આઝાદીનો દિવસ ઉજવી રહ્યા છીએ તેમ જણાવતા જિલ્લા કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સ્વાતંત્રતાની લડતમાજેલવાસ ભોગવનાર અને પરિવારથી દૂર રહેનાર સ્વાતંત્ર્ય સેનાનીઓને સન્માન કરતા હું આભાર અને ધન્યતાની લાગણી અનુભવું છુ.

આ પ્રસંગે અધિક નિવાસી કલેકટરશ્રી પરિમલભાઈ પંડયા,પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનો હાજર રહ્યા હતા.

- મનીષા પ્રધાન

# અરવલ્લી :જાફરાબાદનો વિધર્મી યુવક ધનસુરાના ગ્રામ્ય વીસ્તારની યુવતીનું અપહરણ કરતા ચકચાર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

દેશના વિવિધ વિસ્તારોમાં વિધર્મી યુવકો દ્વારા કુમળી વયની યુવતીઓને ફોસલાવી, લલચાવી તેમનું ધર્મ પરિવર્તન કરાવવાની અનેક ઘટનાઓને પગલે યુપી, એમપી, ગુજરાત સહિતના વિવિધ રાજ્યોમાં ધર્મ સ્વાતંત્ર અધિનિયમ લાવવામાં આવ્યો છે.ગુજરાતમાં સરકારે ધર્મ સ્વાતંત્ર સુધારણા અધિનિયમ પસાર કર્યા બાદ લવ-જીહાદના કિસ્સા એક પછી એક સામે આવી રહ્યા છે.ત્યારે અમરેલી જીલ્લાના જાફરાબાદના યુવકને ધનસુરાના ગ્રામ્ય વિસ્તારની યુવતી સાથે સોશ્યલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં આવ્યા પછી ટેલીફોનીક સંપર્કમાં ગાઢ સબંધ બંધાતા યુવક ધનસુરા પહોંચી યુવતીનું અપહરણ કરી ભગાડી જતા ભારે ચકચાર મચી છે હિન્દુ યુવતીના અપહરણના પગલે પંથકમાં ઉકળતા ચરુ જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે યુવક અને યુવતી સીસીટીવી કેમેરામાં કેદ થતા ધનસુરા પોલીસે યુવતીના પીતાની ફરિયાદના આધારે કાર્યવાહી હાથધરી છે પ્રાપ્ત માહીતી અનુસાર,અમરેલી જીલ્લાના જાફરાબાદ મફત પ્લોટ ખારા વિસ્તાર લાઈટ હાઉસ રોડ વિસ્તારમાં રહેતો સરફરાજ સત્તારભાઈ કુંડલીયા સોશ્યલ મીડિયાના માધ્યમથી અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના ગ્રામ્ય વીસ્તારની એક યુવતીના સંપર્કમાં આવ્યો હતો ત્યાર બાદ બંને વચ્ચે સંબંધ ગાઢ મિત્રતામાં ફેરવાયા બાદ યુવક-યુવતી ટેલીફોનીક સંપર્કમાં આવ્યા પછી વિધર્મી યુવક જાફરાબાદ થી ધનસુરા પહોંચી યુવતીનું અપહરણ કરી લલચાવી ફોસલાવી લઇ જતા યુવતીના પરિવારજનો સહીત સમગ્ર પંથકમાં વિધર્મી યુવક સામે ભારે રોષ ફેલાયો છે હિન્દુ યુવતીને મુસ્લિમ યુવક ભગાડી ગયાની ઘટનાને પગલે વાતાવરણમાં ઉશ્કેરાટ વધ્યો છે ધનસુરા પોલિસે યુવતીના પિતાની ફરિયાદના આધારે જાફરાબાદના સરફરાજ સત્તારભાઈ કુંડલીયા વિરુદ્ધ અપહરણનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતીમાન કર્યા છે

અત્રે ઉલ્લેખનીય છે કે કુમળી વયની યુવતીઓને ફોસલાવી, લલચાવી ધર્માંતરણ કર્યા બાદ તેમના પર પ્રતાડના કરી તેમને છોડી મુકવાથી લઈને હત્યા કરી દીધા સુધીના કિસ્સાઓ મુખ્ય મીડિયાથી લઈને સોશિયલ મીડિયામાં સતત પ્રકાશિત થતા હોવા છતાં આ પ્રકારની ઘટનાઓ સતત વધી રહી છે. ગુજરાતમાં આવા અનેક કિસ્સા એક પછી એક સામે આવી રહ્યા છે. જે સામાજિક સમરસતા અને સૌહાર્દ માટે તો લાલબત્તી છે જ, સાથે સાથે યુવતીના પરિવારજનો માટે પણ ચિંતાનો વિષય બની રહ્યો છે. જોકે વિવિધ ધાર્મિક સંગઠનો આવા કિસ્સાઓ પ્રત્યે સજગતા દાખની તેના વિરોધમાં અવાજ ઉઠાવવા સાથે તેને રોકવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

# નર્મદા બાલ ઘર દ્વારાં સાર્થક વિદ્યા મંદિર ખાતે નિ:શુલ્ક 3D પ્રિન્ટર આપવા માટેનો કાર્યકર્મ રાખવામાં આવ્યો

નર્મદા બાલ ઘર× દ્વારાં સાર્થક વિદ્યા મંદિર ખાતે નિ:શુલ્ક ૩ઙ્ઘ પ્રિન્ટર આપવા માટેનો કાર્યકર્મ રાખવા માં આવ્યો હતો અને આ કાર્યકર્મ માં ×આર્યભટ્ટ ×લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી ની ઉતશકૃત કામગીરી ધ્યાન મા રાખી ૩ઙ્ઘ પ્રિન્ટર આપવામાં આવેલ છે.

×નર્મદા બાલ ઘર × દ્વારાં ×આર્ય ભટ્ટ×લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી ના સંચાલક શ્રી એલ એમ ભટ્ટ ને આપવામાં આવેલ અમુલ્ય ભેટ છે. આ વિજ્ઞાન - ટેક્નોલોજી નું જ્ઞાન આપણાં વધુ માં વધુ વિદ્યાર્થીઓ ને શીખવવા મળે તેવાં પ્રયત્નો ×આર્યભટ્ટ × લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી દ્વારા કરવા માં આવશે .



×નર્મદા બાલ ઘર× તરફથી ૨૫ જુદી જુદી સ્કૂલો ને 3D પ્રીન્ટર આપવામાં આવ્યા હતાં. એક પોર્ટલ દ્વારા દરેક સ્કૂલને નિ:શુલ્ક જોડવામાં આવી છે અને 3D પ્રિન્ટર ઉપરાંત ભવિષ્યમાં ડ્રોન, છૈં (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) પ્રોડક્ટ વગેરે ટેકનોલોજી ઉપર કાર્ય કરવામાં આવશે અને મોરબીને ભારતનું સિલિકોન વેલી બનાવવા તરફના આ પ્રયત્નમાં મોરબી દ્વારા સહકાર મળી રહ્યો છે

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દ્વમ્ય ના સપોર્ટર તેમજ એડવાઈઝર એવા કિશોરભાઈ શુક્લ ( સાર્થક વિદ્યામંદિર) ની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી આ તકે IITE ના VC ડોક્ટર હર્ષદભાઈ પટેલ , HGVS યુનિવર્સિટીના ચાન્સેલર ડૉ બળવંત જાની, ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ વીસી ડોક્ટર અનામિક શાહ, રાજસ્થાન વિદ્યાપીઠ ઉદયપુર ના ફઝ પ્રોફેસર એસ. એસ. સાળંગદેવોત વગેરે ઉપસ્થિત રહ્યા હતા ×નર્મદા બાલઘર× મોરબીના સ્થાપક ભરતભાઈ મહેતાએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને સિઝન સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે રાજકોટમાં વિશ્વ અંગદાન દિવસ નિમીતે અંગદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન એ સમગ્ર ગુજરાતનાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, મહેસાણા, ભુજ, વિસનગર શિંહોર, નવસારી, ઘોઘા, ઉંઝા, સહિતના શહેરોમાં કામ કરતી ?સ્વૈચ્ચિછક, સ્વાસ્થ્ય લક્ષી સંસ્થા છે. ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ અને ઉધોગપતિ સ્વ. ચીનુભાઈ શાહ દ્વારા સ્થાપીત આ સંસ્થાનો મુખ્ય ધ્યેય સમાજમાં લોકો ને કિડની વિશે જાગૃતિ લાવવાનો, કિડનીની નિષ્ફળતાના દર્દીઓની સેવા કરવી, કિડનીના રોગો ન થાય તે અંગેની જાગૃતિ ફેલાવવી દર્દીઓનું પુર્નઃવસન, શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં પ્રયત્નશીલ રહેવાનું છે. આ ઉપરાંત આ સંસ્થા દ્વારા સ્વાસ્થ્યના ક્ષેત્રમાં જુદા જુદા કાર્યો કરી રહી છે. જેમાં ગરીબ દર્દીઓને મદદ કરવાથી માંડીને હોસ્પિટલમાં દર્દીઓનું ડાયાલિસિસ કરતા ટેકનીશ્યનનો માટે પણ શિબીર દ્વારા દર્દીઓને ડાયાલિસિસ સમયે દર્દીઓને કઈ તકલીફોનો સામનો કરવો પડતો હોય છે વગેરે બાબતો અંગેના સેમીનારો યોજવામાં આવે છે.

વિશ્વ અંગદાન દિવસ નિમિતે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને સિઝન સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અંગદાન દિવસની ઉજવણીના ભાગરૂપે ×વિશ્વ અંગદાન દિવસ× ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે માતુશ્રી કંચનબેનજોશી નરેન્દ્રભાઈ ઝીબા (મેનેજરશ્રી, ફૂલછાબ), ડો. ડેનીશભાઈ સાવલીયા (નેફ્રોલોજિસ્ટ) શ્રી સુનીલભાઈ લાખાણી(ઉદ્યોગપતિ), શ્રી અજય ભાઈ જોષી (પ્રમુખશ્રી સિઝન સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટ ) શ્રી મિતલ ખેતાણી (પ્રમુખશ્રી એનીમલ હેપલાઈન) શ્રી મિલન ત્રિવેદી (હાસ્ય કલાકાર) કું પારૂલબ દેસાઈ (લેખિકા અને યોગ કોચ) ઉપસ્થિત રહી અંગદાન જાગૃતિ તથા અંગદાન માટેના સંકલ્પપત્રો ભરવાનો કાર્યકર્મ, અંગદાન જાગૃતિ પોસ્ટર પ્રદર્શન તથા ખાસ અંગદાન જાગૃતિ સેમિનારમાં પોતાનું માર્ગદર્શન આપ્યું હતું. ડો. ડેનિશ સાવલીયાએ અંગદાન અંગેતબીબીમાર્ગદર્શનઆપીઉપસ્થિતોનાં પ્રશ્ર્નોનાં પણ જવાબ આપ્યા હતાં. અંગદાન અંગેની કોઈપણ માહિતી માટે અશ્વિન ગોહેલ ૭૯૮૪૮૨૯૬૨૯ પર સંપર્ક કરવા ઈન્ડિયા રીનલ ફાઉન્ડેનની યાદીમાં જણાવાયું છે.

## ગૃહરાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ વૃક્ષારોપણ કર્યું

# અમદાવાદ જિલ્લા કક્ષાનો વન મહોત્સવ દસ્ક્રોઈ તાલુકાના બીબીપુરા ખાતે યોજાયો

ગૃહરાજ્યમંત્રી જણાવ્યું છે કે ‘‘છોડમાં રણછોડ’’ એ આપણી સંસ્કૃતિ છેઅને વૃક્ષોનું વાવેતર તેમજ સંવર્ધન કરવું એ આપણી નૈતિક ફરજ છે.આપણા દૈનિક જીવનમાં વૃક્ષોની ઉપયોગિતા અપાર છે ત્યારે વૃક્ષને આપણે મિત્ર બનાવીએ એ સમયની માંગ છે.

અમદાવાદ જિલ્લામાં ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા દસક્રોઈ તાલુકાના બીબીપુરા ગામ સ્થિત સ્પોર્ટ્સ સંકુલમાં વન મહોત્સવ હેઠળના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.અને રમત ગમત સંકુલ ખાતે વૃક્ષારોપણ કર્યું હતું.

પ્રાસંગિક ઉદબોધનમાં મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે × ગુજરાત રાજયની સ્થાપના થઇ ત્યારથી શ્રી કનૈયાલાલ મુનશીએ વન મહોત્સવની શરૂઆત કરી હતી.આ વન મહોત્સવ રાજયના પાટનગર ગાંધીનગર પૂરતો સીમિત હતો.જે પરંપરાને આગળ ધપાવતા તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ અને દૂરંદેશીતાના પરિણામે આ વનમહોત્સવને ૨૦૦૪ થી પાટનગર પૂરતો સીમિત ન રાખીને રાજ્યસ્તરીય બનાવવામાં આવ્યો.

રાજયના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક દ્રષ્ટિએ અગત્યતા ધરાવતા રાજયના જુદા-જુદાં સ્થળોએ ઉજવવાની શરૂઆત કરી, ઉજવણી સ્થળે સાંસ્કૃતિક વન સ્થાપનાની એક નવી પહેલ અને પરંપરા શરૂ કરવામાં આવી છે. જેને પગલે વર્ષ ૨૦૨૦સુધીમાં ગુજરાતમા ૨૦ સાંસ્કૃતિક વનની સ્થાપના કરવામાં આવી છે.

સમગ્ર રાજયભરમાં આજે ૭૨ મા વન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વલસાડ જિલ્લામાં કલગામ ખાતે ૨૧ માં સાંસ્કૃતિક વન ‘‘મારૂતિનંદન‘‘નું ઉદઘાટન કર્યું.

સામાજિક વનીકરણ વિભાગ દ્વારા સંચાલિત અમદાવાદ જીલ્લાની વિવિધ નર્સરીનો ઉછેર અને સંવર્ધન કરતા લાભાર્થીઓને ચેક સહાય વિતરણ અને પ્રશસ્તિ પત્ર મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે એનાયત કરવામાં આવ્યા.

ભારતીય ટપાલ વિભાગના વિશેષ ટપાલ કવર પોસ્ટ માસ્ટર જનરલે મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાને આપ્યા.



અત્રે ઉલ્લેખનીય છે કે આજ રોજ અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકામાં પણ વનમહોત્સવ હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે દશક્રોઈ ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ, જીલ્લા કલેકટર શ્રી, જીલ્લા વિકાસ અધિકારીશ્રી, અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, નિકોલ ધારાસભ્ય શ્રી જગદીશભાઈ પંચાલ,અસારવા ધારાસભ્ય શ્રી પ્રદિપભાઈ પરમાર, અમદાવાદ પોસ્ટ માસ્ટર જનરલ, સામાજીક વનીકરણ વિભાગ અમદાવાદ જીલ્લાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને સ્થાનિક આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

-મનીષા પ્રધાન

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.